# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન
## પ્રથમ પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 15 | 20 | 05 | 05 | 05 | 50 |
| ટકા(%) | 30 | 40 | 10 | 10 | 10 | 100 |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 05 | 08 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 02 | 03 | 10 |
| | કુલ | **27** | **34** | **50** |

પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | ગુણભાર |
|---|---|---|
| 1. | ધંધાનું સ્વરૂપ, હેતુ અને કાર્યક્ષેત્ર | 12 |
| 2. | ધંધાકીય સેવાઓ - 1 | 07 |
| 3. | ધંધાકીય સેવાઓ - 2 | 12 |
| 4. | માહિતી સંચાર, ઈ-કોમર્સ અને આઉટસોર્સિંગ | 07 |
| 5. | ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપો - 1 | 12 |
| | કુલ | 50 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન
## પ્રથમ પરીક્ષા
## પ્રશ્નપત્રનું માળખું

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1 થી 10 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો આપેલા છે. આપેલા ચાર વિકલ્પો (A, B, C, D,) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.<br>**(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | [10] |
| | **વિભાગ-B** | |
| 11 થી 15 | નીચે આપેલા પ્રશ્નક્રમાંકમાં 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.<br>**(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | 05 |
| | **વિભાગ-C** | |
| 16 થી 23 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 16 થી 23 સુધીના કુલ 08 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **(દરેક પ્રશ્નના 02 ગુણ)** | 10 |
| | **વિભાગ-D** | |
| 24 થી 31 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 24 થી 31 સુધીના 08 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. **(દરેક પ્રશ્નના 03 ગુણ)**<br>**નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસસ્ટડી આધારિત પ્રશ્ન મુજબ 01 પ્રશ્ન કેસસ્ટડી આધારિત પૂછવો.** | 15 |
| | **વિભાગ-E** | |
| 32 થી 34 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 32 થી 34 સુધીના 03 પ્રશ્નોમાંથી કોઈપણ 02 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. **(દરેક પ્રશ્નના 05 ગુણ)**<br>**નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસસ્ટડી આધારિત પ્રશ્ન મુજબ 01 પ્રશ્ન કેસસ્ટડી આધારિત પૂછવો.** | 10 |
| | કુલ ગુણ | 50 |

**નોંધ :** (1) પ્રથમ પરીક્ષામાં જૂનથી સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ પૂછવાનો રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

## દ્વિતીય પરીક્ષા

**સમય : 2 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 50**

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 15 | 20 | 05 | 05 | 05 | 50 |
| ટકા(%) | 30 | 40 | 10 | 10 | 10 | 100 |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 05 | 08 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 02 | 03 | 10 |
| | કુલ | **27** | **34** | **50** |

પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર |
|---|---|---|
| 1. | ધંધાનું સ્વરૂપ, હેતુ અને કાર્યક્ષેત્ર | 04 |
| 2. | ધંધાકીય સેવાઓ - 1 | 03 |
| 3. | ધંધાકીય સેવાઓ - 2 | 03 |
| 4. | માહિતીસંચાર, ઈ-કોમર્સ અને આઉટ સોર્સિંગ | 01 |
| 5. | ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપો - 1 | 04 |
| 6. | ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપો - 2 | 10 |
| 7. | જાહેરક્ષેત્ર, ખાનગીક્ષેત્ર અને વૈશ્વિક સાહસો | 09 |
| 8. | ધંધાકીય મૂડીના પ્રાપ્તિસ્થાનો | 09 |
| 9. | આંતરિક વેપાર | 07 |
| | કુલ | **50** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન
## દ્વિતીય પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1 થી 10 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા ચાર વિકલ્પો (A, B, C, D,) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **10** |
| | **વિભાગ-B** | |
| 11 થી 15 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 1 ગુણ)** | **05** |
| | **વિભાગ-C** | |
| 16 થી 23 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 16 થી 23 સુધીના કુલ 08 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **(દરેક પ્રશ્નના 02 ગુણ)** | **10** |
| | **વિભાગ-D** | |
| 24 થી 31 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 24 થી 31 સુધીના 08 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. **(દરેક પ્રશ્નના 03 ગુણ)**<br>**નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેશસ્ટડી આધારિત 01 પ્રશ્ન કેસસ્ટડીનો મૂકવો.** | **15** |
| | **વિભાગ-E** | |
| 32 થી 34 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 32 થી 34 સુધીના 03 પ્રશ્નોમાંથી કોઈપણ 02 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. **(દરેક પ્રશ્નના 05 ગુણ)**<br>**નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેશસ્ટડી આધારિત 01 પ્રશ્ન કેસસ્ટડીનો મૂકવો.** | 10 |
| | કુલ ગુણ | **50** |

**નોંધ :** (1) દ્વિતીય પરીક્ષા માટે જૂનથી ડિસેમ્બર સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાં જૂનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 30% અભ્યાસક્રમ અને ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 70% અભ્યાસક્રમ રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન
## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 80**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 24 | 30 | 06 | 07 | 13 | 80 |
| ટકા(%) | 30 | 37.5 | 7.5 | 8.75 | 16.25 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 09 | 12 | 18 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 06 | 09 | 18 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 04 | 06 | 20 |
| | **કુલ** | **43** | **51** | **80** |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણ દીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
| 1. | ધંધાનું સ્વરૂપ, હેતુ અને કાર્યક્ષેત્ર | 07 | 10 |
| 2. | ધંધાકીય સેવાઓ - 1 | 08 | 10 |
| 3. | ધંધાકીય સેવાઓ - 2 | 08 | 10 |
| 4. | માહિતીસંચાર, ઈ-કોમર્સ અને આઉટ સોર્સિંગ | 06 | 09 |
| 5. | ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપો - 1 | 08 | 13 |
| 6. | ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપો - 2 | 08 | 13 |
| 7. | જાહેરક્ષેત્ર, ખાનગીક્ષેત્ર અને વૈશ્વિક સાહસો | 07 | 07 |
| 8. | ધંધાકીય મૂડીના પ્રાપ્તિસ્થાનો | 08 | 10 |
| 9. | આંતરિક વેપાર | 06 | 09 |
| 10. | આંતરરાષ્ટ્રીય વેપાર | 08 | 08 |
| 11. | ધંધાની સામાજિક જવાબદારી | 06 | 06 |
| | **કુલ** | **80** | **105** |

**નોંધ :** ઉપરોક્ત પત્રકમાં દર્શાવેલ જનરલ વિકલ્પ સાથેના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર મુજબના છે. અન્ય પ્રશ્નપત્ર માટે તે અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 80

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1 થી 16 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 16 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા ચાર વિકલ્પ (A, B, C, D,) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **16** |
| | **વિભાગ-B** | |
| 17 થી 24 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 17 થી 24 સુધીનો પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **08** |
| | **વિભાગ-C** | |
| 25 થી 36 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 25 થી 36 સુધીના કુલ 12 પ્રશ્નોમાંથી કોઈપણ 09 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **(દરેક પ્રશ્નના 2 ગુણ)** | **18** |
| | **વિભાગ-D** | |
| 37 થી 45 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 37 થી 45 સુધીના 09 પ્રશ્નોમાંથી કોઈપણ 06 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. **(દરેક પ્રશ્નના 3 ગુણ)** **નોંધ : 01 પ્રશ્ન કેસસ્ટડી આધારિત પૂછવો.** | **18** |
| | **વિભાગ-E** | |
| 46 થી 51 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 46 થી 51 સુધીના કુલ 06 પ્રશ્નોમાંથી કોઈપણ 04 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. **(દરેક પ્રશ્નના 5 ગુણ)** **નોંધ : 01 પ્રશ્ન કેસસ્ટડી આધારિત પૂછવો.** | **20** |
| | કુલ ગુણ | 80 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

## વાર્ષિક પરીક્ષા

## નમૂનાનું પ્રશ્નપત્ર

સમય : 3 કલાક | ગુણ : 80

- આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ (A થી E) વિભાગ છે.
- દરેક પ્રશ્નની સામે કૌંસમાં ગુણ આપેલા છે.
- આપેલ સૂચના મુજબ પ્રશ્નોના ઉત્તર લખવા.

### વિભાગ - A

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 16 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા ચાર વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેક પ્રશ્નનો 01 ગુણ)** **[16]**

(1) ઉદ્યોગના લક્ષણોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) તૃષ્ટિગુણનો ઉમેરો (B) સરકારી મદદ

(C) માનવશ્રમનો ઉપયોગ (D) કુદરતી સંપત્તિનો ઉપયોગ

(2) દરિયામાં માલસામાનના હેરફેરના વેપારમાં ઘણું જોખમ રહેલું છે. આ દરિયાઈ જોખમની સલામતી માટે કઈ કંપનીએ સૌપ્રથમ વીમાની શરૂઆત કરી હતી ?

(A) લાઈફ ઇન્સ્યોરન્સ ઑફ કોર્પોરેશન (B) લૉઇડસ ઑફ લંડન

(C) બજાજ એલ્યાન્ઝ કંપની (D) લીબર્ટી જનરલ ઇન્સ્યોરન્સ

(3) કિસાન વિકાસપત્રમાં પાકતી તારીખે કેટલી રકમ વ્યાજ સહિત ચૂકવવામાં આવે છે ?

(A) બે ગણી (B) ત્રણ ગણી

(C) ચાર ગણી (D) પાંચ ગણી

(4) શ્રી રાજેશના બચતખાતામાં ફક્ત રૂ. 5,000 જમા હતા. તેમણે ધંધાર્થે શ્રી મહેશને રૂ. 10,000નો ચેક લખીને આપ્યો હતો. બેંક દ્વારા આ ચેક મંજૂર કરીને રૂ. 10,000 મહેશના ખાતામાં જમા કર્યા હતા. ત્યારે બેંકે તેમને ક્યા પ્રકારની સેવા પૂરી પાડી હશે ?

(A) કેશ ક્રેડિટ (B) લોન

(C) બેંક ઓવરડ્રાફ્ટ (D) ડિમાન્ડ ડ્રાફ્ટ

(5) કોઈપણ મધ્યસ્થી વગર હરાજી દ્વારા ખરીદ-વેચાણની સુવિધા કઈ વ્યવસ્થામાં પ્રાપ્ત થાય છે ?

(A) B2B (B) C2B

(C) B2C (D) C2C

(6) માહિતીના સુપર હાઈ-વે તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) ઈન્ટરનેટ સેવા (B) બેન્કિંગ સેવા

(C) ઈ-કોમર્સ (D) આઉટસોર્સિંગ

(7) પુલ, રોડ, નહેર, મકાન બનાવવા જેવા ચોક્કસ કાર્ય માટે રચવામાં આવતી પેઢીને શું કહે છે ?

(A) મુદતી ભાગીદારી પેઢી
(B) ઐચ્છિક ભાગીદારી પેઢી
(C) મર્યાદિત ભાગીદારી પેઢી
(D) નિશ્ચિત કાર્ય માટેની ભાગીદારી પેઢી

(8) ભાગીદારી પેઢીના ફાયદાઓમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) શ્રમવિભાજનનો લાભ
(B) ઝડપી નિર્ણયો
(C) ગ્રાહકો સાથે સંપર્ક
(D) કરવેરાનો ઓછો બોજ

(9) કંપનીના શેરહોલ્ડરો પોતાના પ્રતિનિધિને ચૂંટે છે તેને શું કહે છે ?

(A) મેનેજર
(B) સેક્રેટરી
(C) સંચાલક
(D) ચેરમેન

(10) જાહેર કંપની પોતાનું નિયમનપત્ર તૈયાર ન કરે તો શું થાય ?

(A) દંડ થાય
(B) સ્થાપના ન થાય
(C) પરિશિષ્ટ-1 લાગુ પડે
(D) નોંધણી રદ થાય.

(11) સરકારી કંપનીની સ્થાપના કયા કાયદા હેઠળ થાય છે ?

(A) ખાસ કાયદા હેઠળ
(B) કંપની ધારા હેઠળ
(C) સરકારી કાયદા હેઠળ
(D) મંડળીના કાયદા હેઠળ

(12) કંપની દ્વારા સ્વીકારતી જાહેર થાપણની મુદત કેટલી હોય છે ?

(A) 6 ઇતી 36 માસ
(B) 3 થી 24 માસ
(C) 12 થી 48 માસ
(D) 2 થી 28 માસ

(13) જથ્થાબંધ વેપારી અને ગ્રાહકો વચ્ચેની કડી એટલે...

(A) ઉત્પાદક
(B) દલાલ
(C) છૂટક વેપારી
(D) ગ્રાહક

(14) શિપિંગ ઑર્ડર કોણ આપે છે ?

(A) જહાજનો કપ્તાન
(B) જહાજી કંપની
(C) જહાજનો માલિક
(D) મધ્યસ્થ બેન્ક

(15) 'બિલ ઑફ લેડિંગ' દસ્તાવેજ નીચેના પૈકી શું સૂચવે છે ?

(A) માલનું બિલ
(B) માલમાં રહેલી ખામી
(C) માલની માલિકી
(D) માલ પેટે બાકી રકમ

(16) સામાજિક જવાબદારીના સંદર્ભે બજારનો રાજા કહેવાય છે.

(A) રોકાણકાર
(B) ગ્રાહક
(C) માલિક
(D) કર્મચારી

## વિભાગ - B

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 17 થી 24 સુધીના પ્રશ્નોનાં એક વાક્યમાં જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ છે.)** **[08]**

(17) કાશ્મીરમાં ઉત્પાદન થતાં સફરજન જ્યારે ગુજરાતના વેપારી તથા ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે ત્યારે કયા તૃષ્ટિગુણનું સર્જન થાય છે ?

(18) મલ્ટિપલ યુનિટ ટ્રેન એટલે શું ?

(19) હેકીંગ એટલે શું ?

(20) ધંધાના માલિકને ધંધામાં દેવું જઈ જતાં પોતાની અંગત મિલકત વેચીને દેવું ચૂકતે કર્યું. અહીં માલિકે કયા પ્રકારની જવાબદારી નિભાવી કહેવાય ?

(21) "કૃભકો' કંપની 'ઈફકો' કંપનીના 51% કે તેથી વધુ શૅર ધરાવે છે અને સંચાલકોની નિમણૂકનો અધિકાર પણ ધરાવે છે." તો 'કૃભકો' નામની કંપની વિશે તમારો મંતવ્ય જણાવો.

(22) ભારતમાં રાષ્ટ્રપતિના નામે કઈ કંપનીના શૅર હોઈ શકે છે ?

(23) આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રે સંબંધો વિકસે તે માટે કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે ?

(24) વિદેશ વેપારમાં શાખપત્ર (Letter of Credit)ની જરૂર શા માટે પડે છે ?

## વિભાગ - C

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 25 થી 36 સુધીનાં કુલ 12 પ્રશ્નોમાંથી કોઈપણ 09 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેક પ્રશ્નના 2 ગુણ)** **[18]**

(25) "સમાજ વગર ધંધાનું અસ્તિત્વ શક્ય નથી. સમાજ છે તો ધંધો છે." અહીં સમાજના જૂથો પ્રત્યેના ધંધાનો હેતુઓ જણાવો.

(26) મહેશભાઈએ પોતાના માટે 40 વર્ષના સમયગાળા માટેનો વીમો લીધો છે. વારસદાર તરીકે તેમની પત્ની માયાબેન છે. મહેશભાઈનું વીમો લીધાના 10 વર્ષ બાદ અવસાન થાય છે તો માયાબહેનને કયા પ્રકારનો વીમાનો લાભ મળશે મળી શકે તે જણાવો.

(27) પાઈપલાઈન દ્વારા વહન કઈ પેદાશો માટે યોગ્ય છે ?

(28) "બેન્કિંગ સેવાઓનો વિકાસ ખૂબ જ વધતો જાય છે અને તેની વિવિધ સેવાઓનો વ્યાપ પણ વધતો જાય છે."

આ વિધાનના સંદર્ભમાં નાણાં એક ખાતામાંથી બીજા ખાતાંમાં કઈ કઈ પદ્ધતિથી ટ્રાન્સફર કરી શકશે - જણાવો.

(29) ઈ-બેન્કિંગમાં થતા બિન-નાણાકીય વ્યવહારનાં બે ઉદાહરણ આપો.

(30) સંસદમાં ખાસ કાયદો પસાર કરીને જાહેર નિગમની રચના થઈ હોય તે કાયદામાં કઈ કઈ જોગવાઈ દર્શાવેલી હોય છે ?

(31) રિલાયન્સ લિમિટેડ વર્ષ 2023-24ના કુલ નફાના 30% જેટલી રકમ પોતાની જ કંપનીમાં પુનઃરોકાણ કરવાનું વિચારે છે."

ઉપરના વિધાન દ્વારા કંપનીને શુ ફાયદો થઈ શકે ? તમારા મંતવ્ય જણાવો.

(32) તમે એક વ્યાપારી બેન્કનાં મેનેજર છો. ધંધાકીય એકમને લોન આપતી વખતે કઈ બાબતોની યોગ્ય ચકાસણી કરી લોન આપશો ? યાદી તૈયાર કરો.

(33) છૂટક વેપારનાં પ્રકારો ચાર્ટ દ્વારા જણાવો.

(34) "ભારત સરકારને વિદેશ વેપાર દ્વારા વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત થાય છે." આ સંદર્ભે ભારતમાં વેપાર માટે કયા કયા વિશિષ્ટ વિસ્તારોની સ્થાપના કરી હતી - શા માટે ?

(35) ચાર્ટર પાર્ટી કરાર એટલે શું ?

(36) સામાજિક જવાબદારી એટલે શું ?

## વિભાગ - D

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 37 થી 45 સુધીના 09 પ્રશ્નોમાંથી કોઈપણ 06 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેક પ્રશ્નના 3 ગુણ)** **[18]**

(37) નીચે આપેલા ઉદાહરણોને ધંધો, વ્યવસાય અને રોજગારમાં વર્ગીકૃત કરો.

1. ડૉક્ટર  2. બેન્ક મેનેજર  3. વકીલ

4. કરિયાણાનો વેપારી  5. સરકારી કર્મચારી  6. ફળ વેચનાર

(38) "વાણિજ્યમાં વેપારનો સમાવેશ થાય છે." આ વિધાન સાચું છે કે નહિ ? તેના વિશે તમે સ્પષ્ટતા કરી ભેદ બતાવો.

- **(કેસસ્ટડી આધારિત પ્રશ્ન)**

(39) A વ્યક્તિ પાસે ₹ 10 લાખની કાર છે. તેણે તેનો ₹ 7 લાખનો વીમો ઉતરાવેલ છે. B વ્યક્તિ પાસે ₹ 6 લાખની કાર છે. તેણે તેનો ₹ 4 લાખનો વીમો ઉતરાવેલ છે. અને C વ્યક્તિ પાસે ₹ 12 લાખની કાર છે. તેણે તેનો ₹ 12 લાખનો વીમો ઉતરાવેલ છે.

ઉપરોક્ત માહિતીના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(i) A વ્યક્તિની કાર સંપૂર્ણ નાશ પામતા વીમા કંપની તેને કેટલું વળતર ચૂકવશે ?

(ii) B વ્યક્તિની કાર આંશિક રૂપે નુકસાન પામતાં ₹ 3 લાખનું નુકસાન થાય તો વીમા કંપની તેને કેટલું વળતર ચૂકવશે ?

(iii) C વ્યક્તિની કાર સંપૂર્ણ નાશ પામતા વીમા કંપની તેને કેટલું વળતર ચૂકવશે ?

(40) તમે એક પુસ્તક વિક્રેતા છો. તમારે ધોરણ-11 ગુજરાતી માધ્યમના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયનાં 500 પુસ્તકો ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ પાસેથી ખરીદવા છે. તે અંગે માહિતી સંચારની પ્રક્રિયા સમજાવો.

(41) 'Internet'ની માલિકી કોઈ ધરાવતું નથી. કેટલીક સંસ્થાઓ નેટવર્કના વિવિધ ભાગોનું વ્યવસ્થાપન કરે છે.

આ સંદર્ભે કોમ્પ્યુટર નેટવર્ક કઈ કઈ પદ્ધતિથી અમલમાં મૂકી શકાય ? તે જણાવો.

(42) જાહેર સાહસોની બદલાતી જતી ભૂમિકા આજના સંદર્ભમાં સમજાવો.

(43) 'D-Mart'ની બધી જ શાખાઓમાં દરેક વસ્તુઓની કિંમત બજારકિંમત કરતા ઘણી નીચી હોય છે. શા માટે ? કારણ સાથે સમજાવો.

(44) અમદાવાદ વિસ્તારમાં આવેલા કિરાણા સ્ટોર્સના માલિકો 'બાલાજી વેફર્સ'નો પોતાની જરૂરિયાત મુજબ ઑર્ડર આપે છે. આથી જથ્થાબંધ વેપારીઓ તેમની જરૂરિયાત મુજબ માલ પૂરો પાડે છે.

આ વિધાન દ્વારા તમે વેપારીના સંબંધો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

(45) ધંધાની ગ્રાહકો પ્રત્યેની કોઈપણ ત્રણ સામાજિક જવાબદારી સમજાવો.

## વિભાગ - E

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 46થી 51 સુધીનાં કુલ 06 પ્રશ્નોમાંથી કોઈપણ 04 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ)** **[20]**

(46) (i) 'બેન્ક' શબ્દ કઈ રીતે ઉદ્‌ભવ્યો.

(ii) "બેન્કનું મુખ્ય કાર્ય થાપણો સ્વીકારવાનું છે" આ સંદર્ભે બેંક કયા કયા કાર્યો કરીને થાપણો સ્વીકારે શકે છે. તમારા વિચારો રજૂ કરો.

(47) હિન્દુ અવિભક્ત કુટુંબનો અર્થ આપી લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરો.

(48) "સમગ્ર વિશ્વમાં વેપાર-ધંધાના ઘણા સ્વરૂપો અસ્તિત્વમાં છે." તેમાં સૌથી સરળ અને પ્રાચીન પ્રથા કઈ છે ? અને તેની મહત્ત્વતા જણાવો.

(49) 'માલિકીના ભંડોળ અને ઉછીના ભંડોળ' ભેદ સ્પષ્ટ કરો.

(50) નોંધણીનું પ્રમાણપત્ર મેળવવાની વિધિ જણાવો.

- **(કેસસ્ટડી આધારિત પ્રશ્ન)**

(51) શ્રી રામેશ્વર કે જેઓ કે. પી. સોફ્ટવેર કંપનીમાં ફાઈનાન્સ મેનેજર છે. તેમનું માનવું છે કે લાંબાગાળાની મૂડીની જરૂરિયાત માટે ઇક્વિટી શેર બહાર પાડવા જોઈએ. તમે તેમની સાથે સંમત છો ? તમારા જવાબના સમર્થનમાં જરૂરી કારણો જણાવો.

---

## શૈક્ષણિક વર્ષ 2024-25

## Competency Based Questions (ક્ષમતા આધારિત પ્રશ્નો)ની વિગત

**ધોરણ - 11** **વિષય : વાણિજ્ય વ્યવસ્થા (BA)**

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|
| | | | **SECTION-A** | |
| 1 | ઉદ્યોગોના લક્ષણોમાં... | 1 | Vocational Education | (1101.5) ઉદ્યોગ અને ધંધાથી વેપારને અલગ પડે છે. |
| 2 | દરિયામાં માલ સામાનના હેરફેરના વેપારમાં જોખમ | 1 | Critical Thinking | (1101.6) વેપારની સહાયક સેવાઓ વિશે જાણે. |
| 4 | શ્રી રાજેશનાં બચત ખાતામાં | 1 | Critical Thinking | (1101.6) વેપારની સહાયક સેવાઓ વિશે જાણે. |
| 5 | કોઈપણ મધ્યસ્થી વગર હરાજી દ્વારા ખરીદ-વેચાણની સુવિધા | 1 | Vocational Education | (1101.6) પરંપરાગત ધંધા-ઈકોમર્સ વચ્ચે તફાવત કરે છે. |
| 7 | પુલ, રોડ, નહેર બનાવવા | 1 | Life Skill | (1102.1) ધંધાકીય વ્યવસ્થાનાં સ્વરૂપો વિશે જાણે |
| 8 | ભાગીદારી પેઢીના ફાયદામાં | 1 | Holistic Developed | (1102.1) ભાગીદારી પેઢી વિશે જાણે. |
| 9 | કંપનીના શેરહોલ્ડરના પ્રતિનિધિ | 1 | Flexibility and Individual | (1102.1) ભાગીદારી પેઢી વિશે જાણે. |
| 10 | જાહેર કંપની પોતાનું નિયમનપત્ર | 1 | Ethical and Constitution | (1102.1) ધંધાકીય વ્યવસ્થાનાં સ્વરૂપો વિશે જાણે. |
| 11 | સહકારી કંપનીની સ્થાપના | 1 | Vocational Education | (1102.3) અર્થતંત્રમાં જાહેરક્ષેત્રની બદલાતી ભૂમિકા. |
| 12 | કંપની દ્વારા સ્વીકારાતા જાહેર થાપણ | 1 | Vocational Education | (1103.2) ધંધાકીય મૂડીના પ્રાપ્તિ સ્થાનોની ગણતરી. |
| 15 | બિલ ઑફ લેંડીંગ | 1 | Critical Thinking | (1103.2) ધંધાકીય મૂડીના પ્રાપ્તિ સ્થાનોની ગણતરી. |
| | | | **SECTION-B** | |
| 17 | કાશ્મીરમાં ઉત્પાદન થતાં સફરજન | 1 | Critical Thinking | (1101.4) ધંધા લાક્ષણિકતાને આર્થિક પ્રવૃત્તિ તરીકે ઓળખાય છે. |
| 19 | હેકિંગ એટલે શું ? | 1 | Critical Thinking | (1102.4) ધંધા લાક્ષણિકતાને આર્થિક પ્રવૃત્તિ તરીકે ઓળખાય છે. |

| પ્રશ્નો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|
| 20 | ધંધાના માલિકને દેવું થઈ જતા | 1 | Flexibility and Individual | (1102.6) ડિજિટલ ચૂકવણીઓની મર્યાદાની ચર્ચા કરી છે. |
| 21 | કૃભકો કંપની ઈફકો કંપની | 1 | Critical Thinking | (1102.1) ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપોની જાણે છે. |
| 22 | ભારતના રાષ્ટ્રપતિના નામે | 1 | Holistic Development | (1102.3) જાહેરક્ષેત્રની બદલાતી ભૂમિકાનું પરીક્ષણ કરે છે. |
| 23 | આં.રા. વેપાર ક્ષેત્રે સંબંધો | 1 | Life Skill and Career guide | (1103.2) ઉદ્યોગ સાહસિકતા માટે ફાળો આપે છે. |
| 24 | વિદેશ વેપારમાં શાખપત્ર | 1 | Life Skill and Career guide | (1103.2) ઉદ્યોગ સાહસિકતા માટે ફાળો આપે છે. |
| | | | **SECTION-C** | |
| 25 | સમાજ વગર ધંધાનું અસ્તિત્વ નથી | 2 | Critical Thinking | (1101.2) ધંધા શબ્દને વ્યાખ્યાયિત કેર છે. |
| 26 | મહેશભાઈએ વીમો લીધો | 2 | Critical Thinking | (1101.6) વેપારની સહાયક સેવાઓની તુલના કરે. |
| 28 | બેંકીગ સેવાનો વિકાસ ખૂબ વધતો જાય. | 2 | Vocational Education | (1101.6) વેપારની સહાયક સેવાઓની તુલના કરે. |
| 30 | સંસદમાં ખાસ કાયદો | 2 | Holistic Development | (1102.4) સંયુક્ત સાહસના ફાયદાનું વર્ણન કરે છે. |
| 31 | રિલાયન્સ લિમિટેડ વર્ષ 2023-24ના કુલ નફાના 30% | 2 | Critical Thinking | (1103.3) ધંધાકીય મૂડીના પ્રાપ્તિ સ્થાનો વિશે સમજે. |
| 33 | છૂટક વેપારના પ્રકારો | 2 | Life Skill and Career | (1103.2) દેશના આર્થિક વિકાસમાં ઉદ્યોગ સાહસિકતા વિશે સમજે. |
| 34 | ભારત સરકારને વિદેશ વેપાર દ્વારા વિદેશી હૂંડિયામણ | 2 | Holistic Development | (1103.1) વેપાર અને વાણિજ્યના અવરોધકના પ્રકારનું વિશ્લેષણ કરે છે. |
| | | | **SECTION-D** | |
| 38 | વાણિજ્યમાં વેપારનો સમાવેશ | 3 | Vocational Education | (1101.3) આર્થિક પ્રવૃત્તિને વ્યવસાય રોજગાર ધંધામાં વર્ગીકૃત કરે છે. |
| 41 | ઇન્ટરનેટની માલિકી કોઈ ધરાવતું નથી | 3 | Life Skill Development | (1102.6) ડિજિટલ ચૂકવણી વિશે સમજે. |
| 43 | D-Martની બધી શાખાઓમાં | 3 | Critical Thinking | (1103.2) સંયુક્ત સાહસો જાહેર ખાનગી ભાગીદારીનું વર્ણન કરે છે. |
| 44 | અમદાવાદ વિસ્તારમાં આવેલા કિરાણા સ્ટોર્સ માલિક | 3 | Critical Thinking | (1103.2) દેશના આર્થિક વિકાસમાં નવીનીકરણ કરતા સમજે છે. |

| પ્રશ્નો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|
| **SECTION-E** | | | | |
| 46 | બેંક શબ્દની ઉત્પત્તિ અને થાપણોનો સ્વીકાર | 5 | Vocational Education | (1101.6) વેપારની સહાયક સેવાઓ વિશે સમજે. |
| 48 | સમગ્ર વિશ્વમાં વેપાર-ધંધાના સ્વરૂપો | 5 | Life Skill Development | (1102.3) અર્થતંત્રમાં જાહેરક્ષેત્રની બદલાતી ભૂમિકાનું પરીક્ષણ કરે. |
| 49 | માલિકીના ભંડોળ-ઉછીના ભંડોળના ભેદ સ્પષ્ટ કરો. | 5 | Vocational Education | (110.3.) ધંધાકીય મૂડીનાં પ્રાપ્તિ સ્થાન તરીકે ભંડોળો વિશે જાણે. |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ : 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : નામાનાં મૂળતત્ત્વો

## પ્રથમ પરીક્ષા

**સમય : 2 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 50**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 13 | 15 | 16 | 02 | 04 | 50 |
| ટકા (%) | 26 | 30 | 32 | 04 | 08 | 100 |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 03 | 04 | 09 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 02 | 03 | 08 |
| 4. | વિસ્તૃતજવાબી પ્રશ્નો (LA) | 03 | 04 | 18 |
| | કુલ | **23** | **26** | **50** |

પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર |
|---|---|---|
| 1. | હિસાબી પદ્ધતિ અને તેના પારિભાષિક શબ્દો | 02 |
| 2. | વ્યવહારોની દ્વિ-અસર અને ખાતાંના પ્રકાર | 04 |
| 3. | વસ્તુઓ અને સેવાઓ કર : પરિચય | 02 |
| 4. | આમનોંધ | 07 |
| 5. | હિસાબી સમીકરણ અને ધંધાના વ્યવહારો | 04 |
| 6. | પેટાનોંધો | 05 |
| 7. | રોકડમેળ અને તેના પ્રકારો | 08 |
| 8. | ખાસ આમનોંધ | 05 |
| 9. | ખાતાવહી - ખતવણી | 08 |
| 10. | કાચું સરવૈયું | 05 |
| | કુલ | 50 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ : 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : નામાનાં મૂળતત્ત્વો

## પ્રથમ પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ - A** | |
| 1 થી 10 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | 10 |
| | **વિભાગ - B** | |
| 11 થી 15 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | 05 |
| | **વિભાગ - C** | |
| 16 થી 19 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 19 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 03 ગુણ)** | 09 |
| | **વિભાગ - D** | |
| 20 થી 22 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 20 થી 22 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 2 (બે) પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 04 ગુણ)** | 08 |
| | **વિભાગ - E** | |
| 23 થી 26 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 23 થી 26 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 06 ગુણ)** | 18 |
| | કુલ ગુણ | **50** |

**નોંધ :** (1) પ્રથમ પરીક્ષાનો અભ્યાસક્રમ જુનથી સપ્ટેમ્બર સુધીનો રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ : 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : નામાનાં મૂળતત્ત્વો

## દ્વિતીય પરીક્ષા

## પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 13 | 15 | 16 | 02 | 04 | 50 |
| ટકા (%) | 26 | 30 | 32 | 04 | 08 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 02 | 03 | 06 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 03 | 04 | 12 |
| 4. | વિસ્તૃતજવાબી પ્રશ્નો (LA) | 01 | 02 | 06 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 01 | 11 |
| | કુલ | 22 | 25 | 50 |

**પ્રકરણદીઠ ગુણભાર :** ભાગ-1

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણ |
|---|---|---|
| 1. | હિસાબી પદ્ધતિ અને તેના પારિભાષિક શબ્દો | 01 |
| 2. | વ્યવહારોની દ્વિ-અસર અને ખાતાના પ્રકાર | 01 |
| 3. | વસ્તુઓ અને સેવાઓ કર : પરિચય | 01 |
| 4. | આમનોંધ | 03 |
| 5. | હિસાબી સમીકરણ અને ધંધાના વ્યવહારો | 01 |
| 6. | પેટાનોંધો | 03 |
| 7. | રોકડમેળ અને તેના પ્રકારો | 01 |
| 8. | ખાસ આમનોંધ | 03 |
| 9. | ખાતાવહી - ખતવણી | 01 |
| 10. | કાચું સરવૈયું | – |
| 11. | બેન્ક સિલકમેળ | 06 |

| ક્રમ | પ્રકરણનું નામ ભાગ-2 | પ્રકરણ દીઠ ગુણ |
|---|---|---|
| 1. | ભૂલ સુધારણા | 03 |
| 2. | ઘસારાના હિસાબો | 06 |
| 3. | જોગવાઈઓ અને અનામતો | 02 |
| 4. | હૂંડીઓ | 04 |
| 5. | ધંધાકીય એકમનાં નાણાકીય પત્રકો | 11 |
| 6. | હિસાબી પદ્ધતિની પ્રણાલિકાઓ-ધારણાઓ, ખ્યાલો અને સિદ્ધાંતો | 01 |
| 7. | હિસાબી ધોરણો : ખ્યાલ અને ઉદ્દેશો | 01 |
| 8. | દેશીનામા પદ્ધતિઃ પરિચય | 01 |
| | **કુલ** | **50** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ : 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : નામાનાં મૂળતત્ત્વો

## દ્વિતીય પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | વિભાગ - A | |
| 1 થી 10 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | 10 |
| | વિભાગ - B | |
| 11 થી 15 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | 05 |
| | વિભાગ - C | |
| 16 થી 18 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 18 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 2 (બે) પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 03 ગુણ)** | 06 |
| | વિભાગ - D | |
| 19 થી 22 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 19 થી 22 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 04 ગુણ)** | 12 |
| | વિભાગ - E | |
| 23 થી 24 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 23 થી 24 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 1 (એક) પ્રશ્નનો માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 06 ગુણ)** | 06 |
| | વિભાગ - F | |
| 25 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 25નો માગ્યા મુજબ જવાબ લખો. | 11 |
| | કુલ ગુણ | **50** |

**નોંધ :** (1) દ્વિતીય પરીક્ષા માટે જૂનથી ડિસેમ્બર સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાં જૂનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 30% અભ્યાસક્રમ અને ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 70% અભ્યાસક્રમ રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ : 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : નામાનાં મૂળતત્ત્વો
## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 80

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 27 | 29 | 18 | 04 | 02 | 80 |
| ટકા (%) | 33.75 | 36.25 | 22.5 | 05 | 2.5 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 05 | 08 | 15 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 03 | 05 | 12 |
| 4. | વિસ્તૃતજવાબી પ્રશ્નો (LA) | 03 | 04 | 18 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 01 | 11 |
| | કુલ | **36** | **42** | **80** |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | ભાગ-1 | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
| 1. | હિસાબી પદ્ધતિ અને તેના પારિભાષિક શબ્દો | 01 | 01 |
| 2. | વ્યવહારોની દ્વિ-અસર અને ખાતાંના પ્રકાર | 01 | 04 |
| 3. | વસ્તુઓ અને સેવાઓ કર : પરિચય | 01 | 01 |
| 4. | આમનોંધ | 05 | 09 |
| 5. | હિસાબી સમીકરણ અને ધંધાના વ્યવહારો | 02 | 02 |
| 6. | પેટાનોંધો | 03 | 09 |
| 7. | રોકડમેળ અને તેના પ્રકારો | 05 | 05 |

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | **ભાગ-1** | **જનરલ વિકલ્પ વિના** | **જનરલ વિકલ્પ સાથે** |
| 8. | ખાસ આમનોંધ | 04 | 07 |
| 9. | ખાતાવહી - ખતવણી | 01 | 04 |
| 10. | કાચું સરવૈયું | 01 | 05 |
| 11. | બેંક સિલકમેળ | 07 | 07 |
| | **ભાગ-2** | | |
| 1. | ભૂલ સુધારણા | 05 | 05 |
| 2. | ઘસારાના હિસાબો | 06 | 06 |
| 3. | જોગવાઈઓ અને અનામતો | 05 | 05 |
| 4. | હૂંડીઓ | 04 | 04 |
| 5. | ધંધાકીય એકમનાં નાણાકીય પત્રકો | 11 | 11 |
| 6. | હિસાબી પદ્ધતિની પ્રણાલિકાઓ-ધારણાઓ, ખ્યાલો અને સિદ્ધાંતો | 02 | 02 |
| 7. | હિસાબી ધોરણો : ખ્યાલ અને ઉદ્દેશો | 01 | 01 |
| 8. | દેશીનામા પદ્ધતિઃ પરિચય | 04 | 04 |
| 9. | બિનવેપારી સંસ્થાના હિસાબો | 07 | 07 |
| 10. | અપૂર્ણ માહિતી પરથી હિસાબો | 02 | 02 |
| 11. | હિસાબી પદ્ધતિ અને કમ્પ્યૂટર | 02 | 02 |
| | **કુલ** | **80** | **103** |

**નોંધ :** ઉપરોક્ત પત્રકમાં દર્શાવેલ જનરલ વિકલ્પ સાથેના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર મુજબના છે. અન્ય પ્રશ્નપત્ર માટે તે અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ : 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : નામાનાં મૂળતત્ત્વો
## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક

## પ્રશ્નપત્રનું માળખું

કુલ ગુણ : 80

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | વિભાગ - A | |
| 1 થી 16 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 16 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | 16 |
| | વિભાગ - B | |
| 17 થી 24 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 17 થી 24 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | 08 |
| | વિભાગ - C | |
| 25 થી 32 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 25 થી 32 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 03 ગુણ)** | 15 |
| | વિભાગ - D | |
| 33 થી 37 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 33 થી 37 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 04 ગુણ)** | 12 |
| | વિભાગ - E | |
| 38 થી 41 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 38 થી 41 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. **(દરેક પ્રશ્નના 06 ગુણ)** | 18 |
| | વિભાગ - F | |
| 42 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 42નો માગ્યા મુજબ જવાબ લખો. **(એક પ્રશ્નના 11 ગુણ)** | 11 |
| | કુલ ગુણ | **80** |

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર**

**શૈક્ષણિક વર્ષ : 2024-25**

**ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)**

**વિષય : નામાનાં મૂળતત્ત્વો**

**વાર્ષિક પરીક્ષા**

સમય : 3 કલાક **નમૂનાનું પ્રશ્નપત્ર** કુલ ગુણ : 80

સૂચનાઓ :

1. આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ અને 42 પ્રશ્નો છે.
2. ફૂટપટ્ટી તેમજ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે.
3. ગણના માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.
4. પ્રશ્નની સૂચના અનુસાર જવાબ લખો.

## વિભાગ : A

- **નીચેના 01 થી 16 પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો. (દરેક પ્રશ્નનો 01 ગુણ)** **[16]**

**1.** [સંપૂર્ણ સાચી અને ઉપયોગી હિસાબી માહિતી] ⇒ [વિશ્વાસપાત્રતા] + [ ? ] + [સમજક્ષમતા] + [તુલનાત્મકતા]

(A) વિસંગતપણું (B) સરખાપણું

(C) સુસંગતપણું (D) નૈતિકતા

**2.** ધંધાના આર્થિક વ્યવહારને કયું લક્ષણ લાગું પડતું નથી ?

(A) રોકડ વ્યવહાર (B) ઉધાર વ્યવહાર

(C) બાહ્ય વ્યવહાર (D) નાણાં મૂલ્ય સિવાયનો વ્યવહાર

**3.** અમદાવાદના' વેપારી સુરતના વેપારીને માલ મોકલે છે, ત્યારે બિલમાં નીચેનામાંથી કયો કર વસૂલ કરે છે ?

(A) IGST (B) CGST + IGST

(C) SGST + CGST (D) UTGST + CGST

**4.** શ્યામ રૂ. 10,000 SBI બેંકમાં ભરવા જાય છે, ત્યારે તે નાણાં ભરવા માટે કયા વાઉચરનો ઉપયોગ કરશે ?

(A) ચેકનું અડધિયું (B) પે-ઈન-સ્લિપ

(C) આપેલ રસીદ (D) પાસબુક

5. વ્યાજના રૂ. 7,000 મળવાના બાકી છે, ત્યારે...

(A) A ઘટે - C ઘટે
(B) A વધે - C વધે
(C) A વધે - L વધે
(D) C વધે - L વધે

6. કેવા વ્યવહારોની રોકડમેળમાં નોંધ કરવામાં આવતી નથી ?

(A) રોકડ ખરીદીના
(B) રોકડ વેચાણના
(C) રોકડ વટાવના
(D) બિન રોકડ વ્યવહારો

7. મિલકતની ઉધાર ખરીદીની નોંધ ......... માં થાય છે.

(A) ખરીદનોંધ
(B) ખાસ આમનોંધ
(C) રોકડમેળ
(D) ઉધારનોંધ

8. કાચું સરવૈયું કયા તબક્કા પછી તૈયાર કરવામાં આવે છે ?

(A) આમનોંધ પછી
(B) ખાતાવહી પછી
(C) હવાલા પછી
(D) વાર્ષિક હિસાબો પછી

9. બેંક સિલકમેળ તૈયાર કરવાથી... જાણી શકાય છે.

(A) પાસુબુકમાં થયેલ ભૂલો
(B) રોકડમેળમાં થયેલ ભૂલો
(C) પાસબુક અને રોકડમેળમાં નહીં નોંધાયેલ વ્યવહારો
(D) ઉપરની બધી જ બાબતો.

10. નામાના સિદ્ધાંતોનું પાલન ન થવાથી ઉદ્‌ભવેલ ભૂલને ......... કહેવાય.

(A) વીસરચૂક
(B) ભરપાઈ ચૂક
(C) સિદ્ધાંતની ભૂલ
(D) ખતવણીની ભૂલ

11. .......... ઊભું કરવું ધંધા માટે યોગ્ય નથી.

(A) સામાન્ય અનામત
(B) મૂડી અનામત
(C) ગુપ્ત અનામત
(D) જોગવાઈ

12. ...........ના ખ્યાલ મુજબ આખર સ્ટોકનું મૂલ્યાંકન તેની મૂળકિંમત અથવા બજારકિંમત, બે પૈકી જે ઓછી હોય તે કિંમતે નોંધવામાં આવે છે ?

(A) દૂરદર્શિતા
(B) પૂર્ણ રજૂઆત
(C) ચાલુ પેઢી
(D) એકસૂત્રતા

13. ICAI દ્વારા ASBની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી ?

(A) ઈ.સ. 1973
(B) ઈ.સ. 1976
(C) ઈ.સ. 1981
(D) ઈ.સ. 1977

14. દેશીનામામાં મૂળ ચોપડા તરીકે કયા ચોપડાને ઓળખવામાં આવે છે ?

(A) કરારનોંધ (B) રોજમેળ

(C) ખાતાવહી (D) કબાલાવહી

15. એકનોંધી પદ્ધતિમાં મૂડી શોધવા કયું પત્રક બનાવવામાં આવે છે ?

(A) સમાન માપનું પત્રક (B) તુલનાત્મક પત્રક

(C) સ્થિતિદર્શક પત્રક (D) નફા-નુકસાનનું પત્રક

16. હિસાબને લગતા તૈયાર ઉપલબ્ધ સોફ્ટવેરમાં ......... વધુ પ્રચલિત જણાય છે.

(A) ટેલી (Tally) (B) ટાટા ઈ-એક્સ (Tata Ex.)

(C) બીઝી (Busy) (D) પ્રોફિટ (Profit)

## વિભાગ : B

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ)** **[08]**

17. શા માટે ગ્રાહકને રોકડ વટાવનો લાભ આપવામાં આવે છે ?

18. હિસાબી સમીકરણમાં મૂડી(C)માં શું ઉમેરવાથી મિલકતો (A) મળે છે ?

